*ધી મેઈલબોક્સ ક્લબ રજૂ કરે છે...*



# શોધક ક્લબ

નામ

__________________________________



શોધક ૧

# વિષયસૂચિ

## પાઠો


1 પ્રભુ કેવા છે? ભાગ–૧

2 પ્રભુ કેવા છે? ભાગ–૨

3 આપણે ક્યાંથી આવ્યાં?

4 કોણ છે આપણો દુશ્મન?

5 કોણ છે વચનબધ્ધ તારણહાર?

6 ઈશુ આજે જીવંત છે !

7 ચાર પ્રશ્નો

8 હું પ્રભુનું સંતાન બની શકું

9 ઈશુ ફરી આવે છે

10 ૪ બાબતો જે પ્રભુ ઈચ્છે છે કે હું જાણું

11 ખ્રિસ્તમાં એક નવી વ્યક્તિ

12 ઈશ્વરની સર્વશ્રેષ્ઠ ભેટ



**EXPLORERS 1 WORKBOOK:** ISBN 978-1-938041-54-9 www.mailboxclub.org

*NOTE: The King James Version is used in all Mailbox Club courses. We reserve the right to translate from the original texts where necessary to make the meaning clear to the reader.*



*Copyright © 2011 Explorers 1 The Mailbox Club International Illustrations by Stephen Bates*

પાઠ ૧

# પ્રભુ કેવા છે? ભાગ–૧

પ્રિય મિત્ર,

તમે ક્યારેય વિચાર્યું છે પ્રભુ કોના જેવા છે? પ્રભુ એટલા મહાન અને એટલા અદ્ભુત છે કે આપણે એમનાં વિશે બધું ક્યારેય નહીં જાણી શકીએ. પણ પ્રભુએ આપણને એક સુંદર પુસ્તક આપ્યું છે, જે આપણને એમનાં વિશે કહે છે.

**આ પુસ્તક શું છે?** આ બાઈબલ છે, પ્રભુનું વચન. બાઈબલ આપણને કહે છે કે પ્રભુએ બધાંનું સર્જન કર્યું- પ્રભુએ સજર્યાં સૂરજ અને ચંદ્ર. એમણે કરોડો તારા સજર્યા, જે રાત્રે આકાશમાં આપણી ઉપર ચમકે છે. પ્રભુએ પૃથ્વીનું સર્જન કર્યું. પ્રભુએ પંખીઓ, માછલી અને પ્રાણીઓનું સર્જન કર્યું. પછી પ્રભુએ પ્રથમ પુરૂષ અને સ્ત્રીનું સર્જન કર્યું.



**પ્રભુએ આપણું સર્જન કેમ કર્યું?** આપણું સર્જન થયું પ્રભુને ચાહવા અને પ્રભુનો પ્રેમ પામવા. પ્રભુ આપણને દરેકને જાણે છે અને ચાહે છે.

**પ્રભુ એ જાણીને બહુ ખૂશ થાય છે** કે આપણે એમને જાણવા અને ચાહવા માંગીએ છીએ. પ્રભુને જાણવા અને ચાહવા એ સર્વોત્તમ કાર્ય છે. એનાંથી આપણને સાચે જ ખુશી થાય છે.

**આ પાઠમાં,** બાઈબલ આપણને પ્રભુ વિશે શું કહે છે, એ જોઈશું. આપણને ખૂબ જ પ્રેમ કરે છે, એવા પ્રભુ વિશે પાંચ અગત્યની વાત શીખીશું.

## પ્રભુ એક વ્યક્તિ છે

**માત્ર એક જ પ્રભુ છે-** સાચા અને જીવંત પ્રભુ. એમણે કહ્યું, "હું જ યહોવા છું, ને બીજો કોઈ નથી; મારા સિવાય બીજો કોઈ દેવ નથી..." (યશાયા ૪૫:૫)

**પ્રભુ કોઈ "બળ" નથી.** પ્રભુ જીવંત વ્યક્તિ છે, જે આપણને દરેકને જાણે છે અને ચાહે છે. આપણે એમને જાણવા માંગીએ ત્યારે પ્રભુ ખૂશ થાય છે. સૌથી વધુ તો, પ્રભુ ઈચ્છે છે કે આપણે એમને સાચાં હૃદયથી ચાહીએ.

## પ્રભુ આત્મા છે

**પ્રભુ વ્યક્તિ હોવા છતાં,** એમનું આપણાં જેવું શરીર નથી. પ્રભુ આત્મા છે. આપણે જોઈ નથી શકતાં કે આત્મા કયો છે. પ્રભુએ જયારે તમને સર્જ્યાં, એમણે તમને શરીર આપ્યું. એમણે તમને આત્મા પણ આપ્યો. તમારો આત્મા તમારાં શરીરમાં વસે છે. બીજાં લોકો તમારૂં શરીર જોઈ શકે, પણ તેઓ તમારા આત્માને નથી જોઈ શકતાં.

**પ્રભુ માત્ર આત્મા છે.** એટલે આપણે એમને જોઈ નથી શકતાં. પ્રભુ આપણને કહે છે, કે એમનું પ્રતિનિધિત્વ કરે એવી કોઈ પ્રતિકૃતિ ન બનાવવી. બાઈબલ કહે છે, "દેવ આત્મા છે, અને જેઓ તેને ભજે છે, તેઓએ આત્માથી તથા સત્યતાથી તેનું ભજન કરવું જોઈએ." (યોહાન ૪:૨૪)

**આપણે એમને જોઈ નથી શકતાં,** પ્રભુ જ સાચા અને જીવંત પ્રભુ છે. એ ઈચ્છે છે, કે આપણે એમને જાણીએ. જયારે આપણે પ્રભુને જાણીશું, આપણે એમને ચાહીશું.
અને જયારે ચાહીશું,
એમની આજ્ઞાનું
પાલન કરવા
માંગીશું.

## પ્રભુ ભવ્ય છે

**પ્રભુનો મહિમા એટલો પ્રકાશમાન છે,** કે આપણે એમની સામે જોઈ નથી શકતાં. સૂર્યનો પ્રકાશ ઝળહળતો હોય, ત્યારે આપણે એની સામે જોઈ નથી શકતાં. એથી આંખને તકલીફ થાય છે. લાંબો સમય એની સામે જોતાં રહીએ, તો આપણે દૃષ્ટિ ગુમાવી બેસીએ.

**પ્રભુનો મહિમા સૂર્ય કરતાં ઘણો પ્રકાશમાન છે.** એટલે આપણે એની સામે જોઈ નથી શકતાં. પ્રભુ કહે છે, "તું મારું મુખ જોઈ શકતો નથી; કેમ કે મને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે નહીં." (નિર્ગમન ૩૩:૨૦)

**બાઈબલ આપણને મુસા નામના એક માણસની વાત કરે છે.** મુસા પ્રભુનો ખાસ મિત્ર હતો. એણે ઘણીવાર પ્રભુ સાથે વાતો કરી હતી



અને પ્રભુએ ઘણીવાર એની સાથે વાતો કરી હતી. પણ મુસાએ ક્યારે ય પ્રભુને જોયા નહોતા.

એક દિવસ મુસાએ પ્રભુ પાસે ખાસ માંગણી કરી. એણે કહ્યું, “કૃપા કરીને તારૂં ગૌરવ ને દેખાડ” (નિર્ગમન ૩૩:૧૮)

પ્રભુએ મુસાને કહ્યું, “તું મારૂં મ્હોં નહીં. જોઈ શકે, કારણ મને જોઈને કોઈ માણસ જીવતો નહીં રહી શકે. પણ હું તને ખડકોમાં સંતાડીશ, અને પછી હું તારી પાસેથી પસાર થઈશ.”

મુસા એકલો પહાડ પર ગયો. પ્રથુએ એને ખડકો વચ્ચે સંતાડ્યો. પછી પ્રભુએ પોતાના મહિમાને મુસા પાસેથી પસાર થવા દીધો. મુસાએ પ્રભુને ન જોયા, પણ એણે પ્રભુના મહિમાની ઝાંખી જોઈ, અને એથી એનો ચહેરો સૂર્યની જેમ ઝળકી ઊઠ્યો.

મુસા જ્યારે પહાડ પરથી નીચે આવ્યો, ત્યારે એનો ચહેરો એટલો ચમકતો હતો, કે લોકો એ જોઈને ડરી ગયાં. કોઈ જ નવાઈ નથી કે મુસા અને લોકો બોલી ઊઠ્યાં, “હે યહોવા, દેવો મધ્યે તારા જેવો કોણ છે? તારા જેવો પવિત્રતામાં મહિમાવાન...?” (નિર્ગમન ૧૫:૧૧)


## પ્રભુ પવિત્ર છે


**આનો અર્થ,** કે પ્રભુ શુધ્ધ અને સંપૂર્ણ છે. અને સંપૂર્ણ પાપ રહિત છે. બાઈબલ પ્રમાણે ક્યારેક અંધકારનો અર્થ થાય છે. પાપ. બાઈબલ પ્રભુ વિશે કહે છે, “દેવ પ્રકાશ છે, અને તેનાંમાં કંઈ પણ અંધકાર (પાપ) નથી.” (૧ યોહાન ૧:૫)

**પ્રભુ પ્રકાશ અને મહિમા છે.** પ્રભુ શુધ્ધ છે. પ્રભુ ક્યારે ય પાપ નથી. પ્રભુ હંમેશા જે સારૂં અને સાચું છે, એ જ કરે છે. પ્રભુની હાજરીમાં ક્યારે ય પાપ આવી નથી શકતું. બાઈબલ કહે છે, “આપણો દેવ યહોવા પવિત્ર છે.” (ગીતશાસ્ત્ર ૯૯:૯).

**પ્રભુએ એકવાર યશાયા નામના, પ્રબોધક સાથે દૃષ્ટિગોચર થઈને વાત કરી.** દૃષ્ટિગોચર થઈને એટલે સ્વપ્નમાં. યશાયાએ પ્રભુને એમનાં સિંહાસન પર બેઠેલા જોયા.એમનાં સિંહાસનની બાજુમાં અનેક દૂતો ઊભા રહીને પ્રભુની પ્રશંસા કરતા કહેતા હતા, “પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યોના (દેવ) યહોવા; આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે.” (યશાયા ૬:૩)

**યશાયાએ જ્યારે પ્રભુનું આ દશ્ય જોયું,** એ ગભરાઈ ગયો. આ દશ્યથી એને જણાયું કે એ પોતે પાપી હતો, અને પ્રભુ પવિત્ર હતા.






## પ્રભુ પ્રેમ છે

**આનો અર્થ છે,** કે પ્રભુ આપણને ચાહે છે અને આપણે માટે શ્રેષ્ઠ જ કરવા માંગે છે.

**પ્રભુ આપણને ચાહે છે એની ખબર કેવી રીતે પડે?** આપણે બે રીતે જાણીએ છીએઃ

- **પ્રભુએ આમ કહ્યું છે.** પોતાના શબ્દોમાં પ્રભુ કહે છે, "મેં તારા પર અખંડ પ્રીતિ રાખી છે." (યર્મિયા ૩૧:૩)
- **પ્રભુએ પોતાનો દીકરો આપ્યો,** આપણાં પાપની સજા ભોગવવા.

**પ્રભુએ આપણાં પ્રત્યેનો અપાર પ્રેમ પ્રગટ કર્યો,** આપણાં પાપને ખાતર એમના પુત્ર, પ્રભુ ઈશુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલીને- આપણે જે ખરાબ વાતો અને કૃત્યો કર્યાં છે, એને માટે બાઈબલ કહે છે, "આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યો, એમ કરવામાં દેવ આપણાં પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે." (રોમનો ૫:૮)

**તમે કદાચ વિચારતાં હશો,** "શું પ્રભુ મારાં બધાં જ ખરાબ કૃત્યો અને શબ્દો વિશે જાણે છે?" હા, પ્રભુ એ બધું જ જાણે છે, છતાં એ હજી તમને હૃદયપૂર્વક ચાહે છે. તમારાં જીવનની દરેક પળે એ તમને ચાહે છે.

**પ્રભુ ઈશુ મારાં પાપને ખાતર મરણ પામ્યા.** એ મૃત્યુ પામ્યા તમારા પાપને ખાતર. પણ એ મૃત ના રહ્યા. તેઓ ત્રીજા દિવસે કબરમાંથી ઊભા થાય. એ આપણા જીવંત ઉદ્ધારક છે ! પ્રભુ ઈચ્છે છે, કે એ તમારાં પાપને ખાતર મૃત્યુ પામ્યા અને પુનઃજીવિત થયા તમારા ઉદ્ધારક બનવા, એ વાત તમે માનો.

**તમે જાણો છો,** પ્રભુ તમારી પાસે સૌથી વધારે શું ચાહે છે? એમને તમારો પ્રેમ જોઈએ છે. એ ઈચ્છે છે, કે તમે એમને હૃદયપૂર્વક ચાહો.

**પ્રભુ ખુશ થાય છે,** જ્યારે તમે એમને હૃદયપૂર્વક પ્રેમ કરવાનું પસંદ કરો. બાઈબલમાં રાજા દાઉદ પ્રભુનો ખાસ માણસ હતો. એણે પ્રભુને પ્રેમ કરવાનું પસંદ કર્યું ! એણે કહ્યું, "હું તમને પ્રેમ કરીશ, હે પ્રભુ !" આથી પ્રભુ ખુશ થયા. અને જો તમે પણ રાજા દાઉદની જેમ પ્રભુને પ્રેમ કરવાનું પસંદ કરશો તો એ ખૂબ જ ખુશ થશે. તમારી મદદ માટે અહીં એક પ્રાર્થના છે :

**"પ્રિય પ્રભુ, તમે ઈચ્છો છો, કે હું તમને ચાહું, એ જાણીને હું બહુ ખુશ છું. હું તમને હૃદયપૂર્વક પ્રેમ કરવા માંગું છું. મને પ્રેમ કરવા બદલ, અને મારાં પાપ ખાતર, તમારા પુત્ર, પ્રભુ ઈશુને વધસ્તંભ પર મોકલવા માટે આભાર."**




## હું પ્રભુનો બાળક કેવી રીતે બની શકું ?


**એ–** માન્ય કરો કે તમે પાપી છો.

**બી–** અવિશ્વાસ કરો કે ઈશુ તમારાં પાપો માટે મર્યા.

**સી–** ઈશુ પાસે આવો અને એમને તમારો ઉદ્ધારક બનાવો.

"પ્રભુ ઈશુ, હું મારા પાપોનાં કારણે દુઃખી છું. હું માનું છું કિ તમે પ્રભુ પુત્ર ઈશુ મારાં પાપો માટે મર્યા. હું આજે આ વખતે તમને મારા ઉદ્ધારક તરીકે સ્વીકાર કરું છું."


# મારી કંઠસ્થ કડી



# ખજાનાની શોધ

શોધવા માટે ખાનગી સંજ્ઞાનો ઉપયોગ કરો





# પ્રશ્ન પત્ર

## શોધકો ૧- પાઠ ૧

**સૂચના : યોગ્ય ઉત્તર પસંદ કરો- અ અથવા બ. આપેલાં ચોકઠાંમાં લખો.**

**ઉદાહરણ : સ્વર્ગ એવી જગ્યા છે જ્યાં હોય છે**

[ બ ] અ. થોડાંક પાપ.
બ. કોઈ પાપ નહીં.

**૧. પ્રભુ કોના જેવા છે?**

[ ] અ. પ્રભુ દુનિયામાં સારાં માટે 'બળ' સમાન છે.
બ. પ્રભુ જીવંત વ્યક્તિ છે જે આપણને જાણે છે અને ચાહે છે.

**૨. આપણે પ્રભુને જોઈ નથી શકતાં, કારણ કે...**

[ ] અ. પ્રભુ આત્મા છે અને આપણે આત્માને જોઈ નથી શકતાં.
બ. પ્રભુ એટલા દૂર છે, કે આપણે એમને જોઈ નથી શકતાં.

**૩. બાઈબલમાં કહ્યા પ્રમાણે પ્રભુ પવિત્ર છે, એનો અર્થ છે...**

[ ] અ. પ્રભુ ખૂબ સારા છે.
બ. પ્રભુ શુદ્ધ અને સંપૂર્ણ છે અને સંપૂર્ણ રીતે પાપ રહિત છે.

**૪. હું જાણું છું કે પ્રભુ મને ચાહે છે, કારણ કે...**

[ ] અ. એમણે મારાં પાપને ખાતર પોતાના પુત્રને મરવા મોકલ્યો.
બ. એ પ્રેમ કરે છે એવી મને અનુભૂતિ થાય છે.

**૫. પ્રભુ મારી પાસે સૌથી વધું શું ચાહે છે?**

[ ] અ. પ્રભુ ઈચ્છે છે, કે હું એમને હૃદયપૂર્વક પ્રેમ કરૂં.
બ. પ્રભુ ઈચ્છે છે, કે હું એમને માટે ઘણાં સારાં કર્મો કરૂં.

તમારી કંઠસ્થ કડી લખો :



*ટ્રેઝર હંટ પઝલનો
ઉત્તર લખો:*

નામ ____________________ જન્મતારીખ ___/___/___ ઊંમર ____ શ્રેણી ______
(મોટાં અક્ષરોમાં) (પુખ્ત હો તો નહીં)

શહેર ____________________ રાજ્ય ______________ પીન ______

# ઈસુ સાથેની મારી મુસાફરી

1 તમે આ પાઠમાંથી સૌથી વધુ મહત્ત્વની બાબત કંઈ શીખ્યા છો?

2 શું આ પાઠમાંની એવી કોઈ બાબત છે કે જે તમે સમજી શક્યા નથી?

3 શું તમારી કોઈ ખાસ જરૂરિયાત કે પ્રાર્થનાવિનંતી છે?

4 અમે તમને જર્નલ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.
તમારી પ્રાર્થનાઓ, વખાણ અને ભગવાનનો આભાર લખો!

the
Mailbox
Club